### દશામાના વિસર્જન માટે કૃત્રિમ તળાવ તૈયાર



સુપ્રિમ કોર્ટના આદેશ પછી પાણીના કુદરતી સ્ત્રોતોમાં મૂર્તિ વિસર્જન કરવામાં આવતી નથી. જેના કારણે સુરતમાં કૃત્રિમ તળાવ તૈયાર કરવામાં આવે છે. (તસવીર : સતિષ જાદવ)

# ગેરકાયદે કબજા પર કૃત્રિમ તળાવના પ્લોટનું ટેન્ડર મંજૂર થયું

**પે એન્ડ** પાર્કના ઇજારાની મુદત પૂરી થયાના બે મહિના બાદ પણ પાર્કિંગ ચાર્જ વસૂલાતો હોવાના આક્ષેપ

સુરતઃ મનપાની જાહેર બાંધકામ સમિતિની બેઠકમાં સોમવારે કુલ 98.53 કરોડનાં વિવિધ કામોને લીલી ઝંડી આપવામાં આવી હતી, પરંતુ એજન્ડાના કામ નં.18માં કૃત્રિમ તળાવ માટે જગ્યા પસંદગીથી લઈને સ્થળની વાસ્તવિક સ્થિતિની તપાસ સુધીની પ્રક્રિયા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ગણેશ વિસર્જન-2026 માટે લિંબાયત ઝોનમાં કૃત્રિમ તળાવ બનાવવા 24.65 લાખનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે, પરંતુ ટેન્ડર પ્રક્રિયા દરમિયાન જ બહાર આવ્યું કે જે સરકારી પ્લોટ પર તળાવ બનાવવાનું આયોજન કરાયું છે, તેની અમુક જગ્યા અગાઉ પે એન્ડ પાર્ક માટે ફાળવવામાં આવી છે અને આ ઈજારો પૂરો થયાના બે માસ બાદ પણ હજુ ગેરકાયદે પે એન્ડ પાર્ક યથાવત હોવાનું બહાર આવતા તંત્ર દોડતું થયું છે.

મળતી વિગતો મુજબ પે એન્ડ પાર્કની ઈજારાની મુદત 4 જૂન, 2026ના રોજ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં બે મહિના બાદ પણ સ્થળ પરથી ગેરકાયદે પાર્કિંગની વસૂલાત બંધ થઈ નથી. પ્લોટ પર પતરાના શેડ સહિત અગાઉના ઉપયોગને લગતો સામાન પણ યથાવત હોવાના કારણે હવે ગણેશ વિસર્જન માટે પસંદ કરાયેલી જગ્યા વાસ્તવમાં કેટલી ખાલી છે એ મુદ્દે સવાલો ઊભા થયા છે. સાઉથ ઈસ્ટ ઝોનના ટી.પી. સ્કીમ નં.19 (પર્વત-મગોબ), ફાઈનલ પ્લોટ નં.110/1/3, રાજ ટેક્સટાઈલ્સની બાજુમાં આશરે 8,000 ચો.મી. સરકારી જમીન આવેલી છે. તેમાંથી આશરે 3,000 ચો.મી. જગ્યા 'શિવ પાર્કિંગ'ને નજીવા દરે પે એન્ડ પાર્ક માટે ફાળવવામાં આવી હતી. ઈજારાની મુદત પૂરી થયા બાદ પણ સ્થળ ખાલી કરાવવાને બદલે પાર્કિંગ સહિતનો ઉપયોગ ચાલુ હોવાના આક્ષેપ છે. આ જ સ્થળે હવે દશામા અને ગણેશ વિસર્જન માટે કૃત્રિમ તળાવ બનાવવાનું આયોજન થયું છે. ખોદાણ-પુરાણ, એચ.ડી.પી.ઈ. શિટ, બેનર, મશીનરી અને મેનપાવર માટે મે. જે.એન. ભંડેરીને 24,65,847.50નું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે. પરંતુ સવાલ એ છે કે કૃત્રિમ તળાવ માટે જગ્યા પસંદ કરતી વખતે સ્થળ પરની વાસ્તવિક સ્થિતિની તપાસ કેમ ન થઈ? ટેન્ડર બહાર પડ્યા બાદ જ જો ખબર પડે કે પસંદ કરેલી જગ્યાનો હિસ્સો પે એન્ડ પાર્ક માટે ફાળવાયેલો છે અને ઈજારો પૂરો થયા બાદ પણ ત્યાં પાર્કિંગનો ઉપયોગ અને વસૂલાત ચાલુ છે, તો આ સમગ્ર આયોજનની ગંભીરતા સામે પ્રશ્નો ઊભા થાય છે.

# કૂતરીને શોધવા માટે થયેલો ખર્ચ વ્યાજ સાથે ચૂકવવા ગ્રાહક કમિ.નો આદેશ

**નંદિની** વેટરનરી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલી કૂતરી ગુમ થઈ હતી

સુરતઃ સુરતના ગ્રાહક સુરક્ષા કોર્ટ સમક્ષ આવેલી અનોખી ફરિયાદમાં ગુમ પાલતુ કૂતરી શોધખોળ પાછળ થયેલો ખર્ચ વ્યાજ સહિત ચૂકવવા નંદિની વેટરનરી હોસ્પિટલને ગ્રાહક કમિશનને આદેશ કર્યો હતો. સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને હોસ્પિટલની સેવામાં ખામી હોવાનું માની ફરિયાદીની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. ગોપીપુરા વિસ્તારમાં રહેતા જાગૃત્તિ ગોપાલ ઠક્કર પાસે આશરે 15 વર્ષની પાલતુ કૂતરી જમકુડી હતી, જેને ઈન્ફેક્શનની જાણ થતાં તા. 9 ડિસેમ્બર 2019ના રોજ સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. હોસ્પિટલના તબીબે તપાસ કર્યા બાદ કૂતરીને ઈન-પેશન્ટ તરીકે દાખલ કરી હતી. સારવાર માટે ન્યૂ કેશ ચાર્જ અને ઈન-પેશન્ટ ફી સહિત કુલ રૂ. 5100 ફરિયાદી પાસેથી વસૂલવામાં આવ્યા હતા. તા. 11 ડિસેમ્બર 2019ના રોજ ફરિયાદીને હોસ્પિટલ તરફથી ફોન કરીને જાણ કરવામાં આવી કે તેની કૂતરી હોસ્પિટલમાંથી ગુમ થઈ ગઈ છે. આ અંગે ઉમરા પોલીસ મથકે જમકુડી ગુમ થયાની ફરિયાદ પણ નોધાવી હતી. ગુમ કુતરીને શોધવા પાછળ પરિવારને રૂ. 12,500નો ખર્ચ અને માનસિક ત્રાસ સહન કરવો પડયો હતો. 26 દિવસ પછી ગુમ થયેલી કુતરી મળી આવી હતી જેથી જાગૃત્તિ ગોપાલ ઠક્કરે એડવોકેટ પ્રાચી દેસાઈ, ઈશાન દેસાઈ અને શ્રેયસ દેસાઈ મારફતે નંદિની હોસ્પિટલ તથા સુરત પાંજરાપોળ ટ્રસ્ટ તથા ટ્રસ્ટી જે. બી. નગરશેઠ, એન. એન. ભરતિયા, શ્યામસુંદર શાહ વગેરે સામે ગ્રાહક સુરક્ષા કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે ફરિયાદીએ પોતાની આશરે 15 વર્ષની વૃદ્ધ અને ઈન્ફેક્શનથી પીડાતી પાલતુ કૂતરીને સંપૂર્ણ વિશ્વાસ સાથે હોસ્પિટલને સોંપી હતી અને તેના બદલામાં હોસ્પિટલ ચાર્જ પણ વસૂલતી હતી. તેમ છતાં કૂતરી હોસ્પિટલમાંથી ગુમ થઈ જવી હોસ્પિટલની ગંભીર બેદરકારી અને સેવામાં ખામી દર્શાવે છે. ગ્રાહક કમિશને રજૂ થયેલા પુરાવા અને હકીકતોને ધ્યાનમાં રાખીને નોંધ્યું કે કૂતરી હોસ્પિટલની કસ્ટડીમાં હતી ત્યારે તેની યોગ્ય સંભાળ રાખવાની અને તે નાસી ન જાય તે માટે યોગ્ય પગલાં લેવાની જવાબદારી હોસ્પિટલની હતી. ગ્રાહક કમિશને નંદિની વેટરનરી હોસ્પિટલ, સુરત પાંજરાપોળ ટ્રસ્ટ તથા તેના ટ્રસ્ટી-સંચાલકોને સંયુક્ત અને વિભક્ત રીતે ફરિયાદીને રૂ. 12,500 વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# હત્યામાં બે કિશોરને ત્રણ વર્ષ ઓબ્ઝર્વેશન હોમમાં રાખવા આદેશ, બે મુક્ત

**અડાજણમાં** સંત તુકારામ સોસાયટી નજીક ઘટના બની હતી

સુરતઃ અડાજણ વિસ્તારમાં વર્ષ 2016માં યુવાનની હત્યાના ચકચારી કેસમાં રજૂ થયેલા પુરાવા, બનાવમાં ચાર કિશોરની ભૂમિકા અને સમગ્ર સંજોગોને ધ્યાનમાં લીધા બાદ જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે ચારેય કિશોરને કાયદા મુજબ દોષિત ઠેરવ્યા હતા.

પ્રિન્સિપાલ મેજિસ્ટ્રેટ કે. વી. પાઠક તથા સભ્યો ડૉ. અનિષાબેન મહિડા અને ડૉ. પરેશ કાકડીયાની બનેલી જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ આ કેસની કાર્યવાહી ચાલી હતી. કેસની હકીકત મુજબ, 5 જૂન, 2016ના રોજ અડાજણમાં સંત તુકારામ સોસાયટી નજીક આદર્શ ઉર્ફે બાબુને 'ચીટર'અને 'લુખ્ખો' જેવા શબ્દોથી સંબોધવામાં આવતા કિશોરો ઉશ્કેરાયા હતા અને આદર્શની હત્યા કરી તેના પિતા રાજપાલને ઈજા પહોંચાડી હતી.

કેસની કાર્યવાહી દરમિયાન કૃત્ય ગંભીર અને ક્રૂર સ્વરૂપનું હોવાથી કાયદા મુજબ યોગ્ય કાર્યવાહી કરવાની દલીલ કરવામાં આવી હતી. બોર્ડે હત્યામાં મુખ્ય ભૂમિકા ભજવનારા બે કિશોરને ત્રણ વર્ષ માટે ઓબ્ઝર્વેશન હોમમાં રાખવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જ્યારે કેસમાં અન્ય બે કિશોરની ભૂમિકા તથા સંજોગોને ધ્યાનમાં રાખીને તેમને મુક્ત કરવાનો હુકમ કરાયો હતો.

# ચેક રિટર્ન કેસમાં સજા બાદ ફરાર વોરંટી કડોદરાથી ઝડપાયો

સુરતઃ શહેર કોર્ટ દ્વારા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ૧ વર્ષની સાદી કેદની સજા પામેલા અને લાંબા ફરાર આરોપીને લિંબાયત પોલીસે કડોદરા ખાતેથી ઝડપી પાડ્યો છે. આરોપી સુખદેવ પુખરાજ પટેલ વિરુદ્ધ સીઆરપીસી કલમ ૪૧૮(૨) અન્વયે સજાનું વોરંટ બજવણી અર્થે લિંબાયત પોલીસ સ્ટેશન મળ્યું હતું. તપાસના આધારે પોલીસે આરોપીનું લોકેશન મેળવી સુખદેવ પુખરાજ પટેલ (ઉં.વ.૩૪, રહે., માનસી રેસિડેન્સી, કડોદરા-બારડોલી રોડ, કડોદરા, સુરત ગ્રામ્ય)ને કડોદરા ખાતેથી પકડી પાડ્યો હતો. આરોપીને કલમ ૧૩૮ ના ભંગ બદલ ૧ વર્ષની સાદી કેદ અને ફરિયાદીને વળતર પેટે રૂ. ૩,૩૫,૪૩૭/- તથા કેસ દાખલ કર્યા તારીખથી ૬ ટકા વ્યાજ ચૂકવવાનો હુકમ કર્યો હતો.

### કાંતારેશ્વર મહાદેવ



આજે શ્રાવણનો છઠ્ઠો દિવસ

# કાંટાળી ઝાડીઓમાંથી સ્વયંભૂ શિવલિંગ પ્રગટ્યુ એટલે નામ પડ્યું 'કાંતારેશ્વર'

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ કતારગામ વિસ્તારમાં આવેલું પ્રાચીન કાંતારેશ્વર મહાદેવ મંદિર ધાર્મિક આસ્થા અને પૌરાણિક માન્યતાઓનું પવિત્ર તીર્થધામ છે. માન્યતા મુજબ સતયુગમાં મહર્ષિ કપિલ મુનિએ અહીં સ્વયંભૂ શિવલિંગની સ્થાપના કરી હતી. પ્રાચીન સમયમાં સૂર્યપુર એટલે કે આજનું સુરત જળપ્રલયમાં ડૂબતાં આ સ્થાન પેટાળમાં સમાઈ ગયું હતું. બાદમાં કાંટાળી ઝાડીઓમાંથી સ્વયંભૂ શિવલિંગ પ્રગટ થતાં તેનું નામ કાંતારેશ્વર મહાદેવ પડ્યું. શિવલિંગમાં સૂર્યદેવનું તે જ સમાયેલું હોવાથી તેને 'સૂર્ય રૂપમ્ મહેશ' તરીકે પણ પૂજવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે અને જળાભિષેક કરી ભગવાન શિવના દર્શનનો લાભ લે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત પોસ્ટલ ડિવિઝનમાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાઈ



સુરતઃ પોસ્ટલ ડિવિઝન દ્વારા સુરત હેડ પોસ્ટ ઓફિસ ખાતે ૮૦માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ઉત્સાહ અને રાષ્ટ્રભક્તિના માહોલમાં કરવામાં આવી હતી. મુખ્ય મહેમાનપદે પોસ્ટ ઓફિસોના સિનિયર સુપ્રિન્ટેન્ડન્ટ યશકુમાર જૈન તથા એમના પરિવારજનો હાજર રહ્યા હતા. સાથે જ મહિધરપુરા હેડ પોસ્ટ ઓફિસના સિનિયર પોસ્ટ માસ્ટર ખ્રિસ્તીના સાનિધ્યમાં પોસ્ટલ ડિપાર્ટમેન્ટના અધિકારીઓ, પોસ્ટમેન, MTS સહિતનો સ્ટાફ, ફોરમના સભ્યો શાંતિલાલ લાડવીયા, કમલેશ પારેખ અને સેવા સંસ્થા જાયન્ટસ ગ્રુપ ઓફ સુરત મેઈનના પ્રમુખ રાકેશપુરી ગોસ્વામી હાજર રહ્યા હતા. સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરાઈ હતી. નીરજ ચિનોઇ સંચાલિત અને એમજે સબારા, કલ્પેશ પટેલ, ભાવિન અને સોનલ પંડયાના સહયોગથી આયોજિત સમગ્ર કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપ્રેમ અને એકતાની ભાવના છવાઈ હતી.

### ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



સુરતઃ સુરતની ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલમાં 80મા સ્વાતંત્ર્ય પર્વની દેશભક્તિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન બાદ વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત, નૃત્ય, કવિતા અને નાટક દ્વારા રાષ્ટ્રપ્રેમ, એકતા અને જવાબદારીનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે દેશની સુરક્ષામાં યોગદાન આપતી મહિલા સૈનિકોને વિશેષ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શાળાના ડિરેક્ટર અને પ્રિન્સિપાલ કે. મેક્સવેલ મનોહરે વિદ્યાર્થીઓને સ્વતંત્રતા સાથે જવાબદારી અને કર્તવ્યભાવ કેળવવા પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને રાષ્ટ્રસેવાની ભાવના જોવા મળી હતી.

### વેસુ, વીઆઈપી રોડના શ્યામ મંદિરમાં આઝાદી પર્વે તિરંગા શ્રુંગાર કરાયો



સુરતઃ શ્રી શ્યામ સેવા ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે વીઆઈપી રોડ સ્થિત શ્રી શ્યામ મંદિર, સુરતધામ ખાતે બાબા શ્યામનો તિરંગા શ્રુંગાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ત્રિરંગાના રંગોવાળાં ફૂલોથી બાબાનો દિવ્ય શૃંગાર કરાયો હતો તેમજ સમગ્ર મંદિર પરિસરમાં તિરંગા ધ્વજ લગાવવામાં આવ્યા હતા. બાબાના આ અદ્ભુત તિરંગા શ્રુંગારનાં દર્શન કરવા માટે મોડી રાત સુધી ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સવારે ૧૦:૦૦ વાગ્યે મંદિર પર ધ્વજવંદન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ અનિલ રુંગટા, ઉપપ્રમુખ સંજય સરાવગી, સચિવ શિવપ્રસાદ પોદ્દાર, ખજાનચી વિનય બેરીવાલા સહિત કારોબારીના અનેક સભ્યો તેમજ સેંકડો શ્યામ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### કેપી હ્યુમન દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરાઈ



સુરત : સુરતના કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા કેપી હાઉસ ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ચીફ ગેસ્ટ તરીકે ઉપસ્થિત મહેશ સવાણી દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તેમની સાથે કેપી ગ્રુપના સીએમડી ડો. ફારુક પટેલ, વાઈસ ચેરમેન પ્રો. સુનિલ મહેશ્વરી સહિતના આગેવાનો અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે તિરંગાના બ્લૂન આકાશમાં ઉડાવીને અને દેશભક્તિ ગીત, સંગીત અને વિવિધ કલાકૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. બાળકોને ઈનામ વિતરણ કરાયા હતા. આ પ્રસંગે મહેશ સવાણીએ જણાવ્યું હતું કે, આઝાદી બાદ બધાને એક તાંતણે બાંધવા આપણે એકતા, અખંડિતતા, પ્રેમભાવ જાળવી રાખવા હવે મહેનત કરતા રહેવી પડશે. ડો. ફારુક પટેલે કહ્યું હતુ કે, દેશ પ્રગતિના પંથે છે અને તેને વધુ ઉન્નતિપૂર્વકનું રાખવું તે આપણી ફરજ છે. આપણે આઝાદ ભારતને વિશ્વમાં અવ્વલ બનાવવા માટે તે દિશામાં મહેનત કરતા રહેવું પડશે.

# સ્મીમેર હોસ્પિટલમાં પ્રસૂતિ વોર્ડમાં રખડતાં કૂતરાં સતત ફરી રહ્યાં છે

**સુરત** મહાનગરપાલિકાની સ્મીમેર હોસ્પિટલમાં ગાયનેકોલોજી વોર્ડનો વિડીયો વાયરલ

**નવજાત** શિશુઓની સુરક્ષાને લઈને દર્દીઓ અને સગામાં ચિંતા



સુરતઃ સુરતની સ્મીમેર હોસ્પિટલમાં પ્રસૂતિ અને ગાયનેકોલોજી વિભાગમાં રખડતા કૂતરાં મુક્તપણે ફરતા હોવાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં હોસ્પિટલની સ્વચ્છતા અને સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊભા થયા છે.

હોસ્પિટલના પ્રથમ માળે આવેલા ડિલિવરી વોર્ડ જેવા સંવેદનશીલ વિસ્તારમાં દિવસ દરમિયાન રખડતા કૂતરાં ફરતા જોવા મળતાં દર્દીઓ, સગાં-સંબંધીઓ અને નાગરિકોમાં ચિંતા જોવા મળી રહી છે.

વાયરલ થયેલા વિડીયોમાં રખડતા કૂતરાં હોસ્પિટલના પ્રસૂતિ વોર્ડની અંદર ફરતા સ્પષ્ટપણે જોવા મળે છે. જ્યાં ગર્ભવતી મહિલાઓ અને નવજાત શિશુઓની સારવાર ચાલી રહી હોય તેવા વિસ્તારમાં કૂતરાં કેવી રીતે પ્રવેશ્યા અને લાંબા સમય સુધી અંદર ફરતા રહ્યા તે અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. પ્રસૂતિ વોર્ડમાં દર્દીઓ અને નવજાત શિશુઓની હાજરીને ધ્યાનમાં રાખતાં આવા બનાવથી સ્વચ્છતા અને ચેપના જોખમ અંગે ચિંતા વધી છે. દર્દીઓના સગાઓએ હોસ્પિટલના પ્રવેશદ્વાર, સુરક્ષા વ્યવસ્થા અને વોર્ડની આસપાસ રખડતા પ્રાણીઓના પ્રવેશને રોકવા માટે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

# નવા વિસ્તારોમાં 22 કિમી ડ્રેનેજ લાઈન નંખાશે, 982 કરોડના ટેન્ડર જાહેર થયા

**આ** 28 ટેન્ડરમાં 4 એસટીપીના ટેન્ડર, 7 પમ્પિંગ સ્ટેશન અને 7 રાઇઝિંગ લાઇન બનશે

સુરત : સુરત શહેરમાં ખાડી પૂર અને ચોમાસામાં ઉભરાતી ગટરની સમસ્યાના કાયમી ઉકેલ માટે સુરત મહાનગરપાલિકાએ હવે લાંબા ગાળાના આયોજનને વેગ આપ્યો છે. ખાસ કરીને વર્ષ 2021માં મનપાની હદમાં ભળેલા નવા વિસ્તારોમાં જ્યાં હજુ સુધી પૂરતું ડ્રેનેજ નેટવર્ક ઉપલબ્ધ નથી ત્યાં સમગ્ર માળખું ઊભું કરવા માટે મોટાપાયે કામગીરી હાથ ધરાઈ છે. આ અંતર્ગત કુલ 982 કરોડના અંદાજિત ખર્ચે 28 જેટલા કામો માટે ટેન્ડર પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી છે.

આ આયોજનમાં સણિયા હેમાદ વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્કના અભાવે વારંવાર ઉભરાતી ગટરની સમસ્યાને દૂર કરવા ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. અહીં ત્રણ અલગ એસટીપી તથા સમગ્ર વિસ્તારને આવરી લેતું એક એસટીપી મળીને કુલ ચાર એસટીપી માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. નવા એસટીપીના કારણે વિસ્તારમાં એકત્ર થતું ગંદુ પાણી વૈજ્ઞાનિક રીતે ટ્રીટ કરી તેનો યોગ્ય નિકાલ કરવાની વ્યવસ્થા ઊભી થશે. મનપાના આ મેગા ડ્રેનેજ આયોજનમાં સાત પમ્પિંગ સ્ટેશન અને સાત રાઈઝિંગ લાઈન પણ બનાવવામાં આવશે. ઉપરાંત મોટા વરાછાથી તેના અને સણા ખાડી સુધી આશરે 22 કિલોમીટર લાંબી અને 3000 એમએમ વ્યાસની ડિપોઝલ લાઈન નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લાઈનના કારણે મોટા વરાછા સહિતના વિસ્તારોમાંથી ગંદા પાણીના નિકાલ માટેની ક્ષમતા વધશે.આ ઉપરાંત મોટા વરાછા અને સારોલી વિસ્તારને પણ ડ્રેનેજ નેટવર્ક સાથે જોડવા માટે ઓખા-ચીચી અને વિહેણ સહિતના વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્કના કામો માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. ખાડી પૂરનો તાત્કાલિક ઉકેલ માત્ર ખાડી પહોળી કરવા કે સફાઈ પૂરતો મર્યાદિત ન રહે, પરંતુ શહેરમાં ગંદા પાણીના નિકાલનું સમગ્ર નેટવર્ક મજબૂત બને તે માટે મનપા દ્વારા આ લાંબા ગાળાનું આયોજન હાથ ધરાયું છે. નવા વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક, એસટીપી, પમ્પિંગ સ્ટેશન અને ડિપોઝલ લાઈનનું માળખું ઊભું થયા બાદ ચોમાસામાં ખાડી અને ગટર પર પડતા વધારાના ભારમાં ઘટાડો થવાની અપેક્ષા છે.

# ભવાની માતાને ભક્તે ૭૦૦૦ લેબગ્રોન હીરાનો મુગટ અર્પણ કર્યો

**અમેરિકામાં** સ્થાયી થયેલા ભક્તે મનોકામના પૂર્ણ થતા રૂ.૬ લાખથી વધુની ભેટ અર્પણ કરી



સુરતઃ સલાબતપુરાના દોડીયાવાડ સ્થિત ભવાની માતાના શિરે ૭,૦૦૦થી વધુ લેબગ્રોન ડાયમંડ જડિત અલૌકિક મુગટ શોભી ઉઠ્યો હતો.

મૂળ સુરતના અને હાલ અમેરિકામાં સ્થાયી થયેલા એક ભક્તે આશરે એક વર્ષ અગાઉ માં ભવાનીના ચરણોમાં પોતાની મનોકામના વ્યક્ત કરી હતી. માતાજીના આશીર્વાદથી મનોકામના પૂર્ણ થતાં ભક્તે કૃતજ્ઞતાના ભાવ સાથે આ દિવ્ય શૃંગાર અર્પણ કર્યો હતો. ખાસ વાત એ છે કે ભક્તે પોતાની ઓળખ જાહેર કર્યા વિના સમગ્ર ભેટગુપ્તદાનસ્વરૂપે અર્પણ કરી છે.મંદિરના મહંત ડૉ. પીયૂષાનંદજીએ જણાવ્યું હતું કે શ્રાવણ માસના પ્રથમ પાવન દિવસે માતાજીને આ વિશેષ શૃંગાર અર્પણ કરવામાં આવ્યો છે. મુગટ, હાર અને ટોડામાં ૭,૦૦૦થી વધુ બારીક લેબગ્રોન ડાયમંડ જડવામાં આવ્યા છે. સમગ્ર શૃંગારમાં આશરે ૯૦૦ ગ્રામ શુદ્ધ ચાંદીનો ઉપયોગ થયો છે અને તેની અંદાજિત કિંમત રૂ.૬ લાખથી વધુ હોવાનું જણાવ્યુ હતું.

# ગુજરાતમાં માત્ર સુરતીઓ જ પહેલી રાંધણ છઠ ઉજવે છે

**આજે** રાત્રે જ ગેસની સ્વીચ બંધ થઇ જશે

સુરતઃ સુરત શહેરની આગવી સાંસ્કૃતિક ઓળખમાં તહેવારોની ઉજવણીની પરંપરા પણ અનોખી છે. ખાસ કરીને રાંધણ છઠના તહેવારમાં સુરતમાં એક નહીં પરંતુ બે અલગ રાંધણ છઠની પરંપરા જોવા મળે છે. એક રાંધણ છઠ મૂળ સુરતી સહિત દક્ષિણ ગુજરાતની સ્થાનિક પરંપરા મુજબ શ્રાવણ સુદ છઠે ઉજવાય છે, જ્યારે બીજી રાંધણ છઠ ગુજરાતના અન્ય વિસ્તારોમાં પ્રચલિત શ્રાવણ વદ છઠે ઉજવાય છે. સુરતના પરિવારોમાં આ બંને પરંપરાઓ વર્ષોથી જોવા મળે છે.

### દ.ગુ.ના કેલેન્ડરમાં રાંધણ છઠ આજે બતાવી છે

આ વર્ષે એટલે કે ૨૦૨૬માં દક્ષિણ ગુજરાતની રાંધણ છઠ ૧૮ ઓગસ્ટ, મંગળવારે, શ્રાવણ સુદ છઠના દિવસે ઉજવાશે. તેના બીજા દિવસે ૧૯ ઓગસ્ટે દક્ષિણ ગુજરાતની શીતળા સાતમ રહેશે. દક્ષિણ ગુજરાતના પંચાંગોમાં આ તહેવાર સ્પષ્ટ રીતે "રાંધણ છઠ (દ.ગુ.)" તરીકે દર્શાવવામાં આવે છે. આ પરંપરા ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સુરત સાથે જોડાયેલા પરિવારોમાં જોવા મળે છે. રાંધણ છઠના દિવસે વિવિધ વાનગીઓ બનાવી રાખવામાં આવે છે અને બીજા દિવસે શીતળા સાતમ નિમિત્તે ઠંડું ભોજન લેવાની પરંપરા છે.

### કોણ કઈ રાંધણ છઠ ઉજવે છે?

સુરતમાં દક્ષિણ ગુજરાતની સ્થાનિક પરંપરા માનતા પરિવારો શ્રાવણ સુદ છઠની રાંધણ છઠ ઉજવે છે. બીજી તરફ શ્રાવણ વદ છઠની પરંપરા અનુસરતા ગુજરાતી પરિવારો શ્રાવણ વદ છઠે રાંધણ છઠ ઉજવે છે.

### રાંધણ છઠ પાછળની પરંપરા શું?

રાંધણ છઠનો મુખ્ય ભાવ શીતળા સાતમ સાથે જોડાયેલો છે. રાંધણ છઠના દિવસે ઘરમાં વિવિધ પ્રકારનું ભોજન બનાવી લેવામાં આવે છે અને ચૂલાની પૂજા કરીને તેને ઠારી દેવામાં આવે છે. બીજા દિવસે શીતળા સાતમ હોવાથી ગરમ રસોઈ ન કરવાની અને અગાઉ બનાવેલું ઠંડું ભોજન આરોગવાની પરંપરા છે. સુરતમાં પરંપરાગત રીતે રાંધણ છઠે લાડુ, પુરી, વેઢમી, મોહનથાળ, પાતરા, વડા, ચેવડો, ગાંઠિયા સહિતની અનેક વાનગીઓ બનાવવામાં આવતી હતી. જોકે સમયની સાથે અનેક પરિવારોમાં ઘરેથી રસોઈ કરવાની જગ્યાએ કેટરર્સ અને રસોઈયાઓ પાસેથી તૈયાર વાનગીઓ લેવાનું પ્રમાણ પણ વધ્યું છે.

### બીજી રાંધણ છઠ શ્રાવણ વદ છઠે

બીજી તરફ ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં પ્રચલિત રાંધણ છઠ શ્રાવણ વદ છઠના દિવસે ઉજવાય છે. આ રાંધણ છઠ શીતળા સાતમના આગલા દિવસે આવે છે. આ દિવસે આખા પરિવાર માટે વિવિધ વાનગીઓ બનાવી લેવામાં આવે છે, કારણ કે શીતળા સાતમના દિવસે ચૂલો પ્રગટાવીને રસોઈ ન કરવાની પરંપરા છે. ૨૦૨૬ના સામાન્ય ગુજરાતી પંચાંગ મુજબ આ રાંધણ છઠ ૨, સપ્ટેમ્બર, બુધવારે અને શીતળા સાતમ ૩, સપ્ટેમ્બરે છે.